ગુજરાત રાજ્યની યુનિવર્સીટીઓ પૈકી પાંચ (૫) યુનિવર્સીટીઓમાં "આંબેડકર ચેર" ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્ર: હસલ/૧૦૨૦૧૬/૬૩૭૦૫/છ (IWDMS: 71550)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/૧૧/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૯/૦૪/૨૦૧૬ નો ઠરાવ.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૨૮/૧૦/૨૦૧૬ ના પત્ર ક્ર: અજા/ગ-૧/૨૦૧૬-૧૭/૧૯૮૭૬-૭૭.

**<u>પ્રસ્તાવના:</u>**

વંચાણે લીધેલ આમુખના ક્રમાંક: (૧) માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત રાજ્યની યુનિવર્સીટીઓ પૈકી ૫ (પાંચ) (૧) ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ (૨) હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ (૩) સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ (૪) એમ એસ. યુનિવર્સીટી, વડોદરા (૫) ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી, ગાંધીનગરમાં "આંબેડકર ચેર" ઉભી કરવા બાબતે વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂ! ૧૭૫.૦૦ લાખ ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) માં દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની તા. ૨૮/૧૦/૨૦૧૬ થી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ઉક્ત પાંચ યુનિવર્સીટીઓ પૈકી ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી, ગાંધીનગરને બદલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીનો સમાવેશ કરવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

" પુખ્ત વિચારણાને અંતે ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી, ગાંધીનગરને બદલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં આંબેડકર ચેર ઉભી કરવા આથી ઠરાવવામાં આવે છે "

અન્ય શરતો / બોલીઓ આ વિભાગના ક્રઃ (૧) માં દર્શાવેલ સરખા ક્રમાંકના તા. ૨૯/૦૪/૨૦૧૬ ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. બી. વણઝારા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

માન. મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હીસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી મારફત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ, (પંચાયત), જિલ્લા પંચાયત. (નિયામકશ્રી મારફત)
સેક્શન અધિકારીશ્રી, જ અને બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા અર્થે.
સિલેક્ટ ફાઇલ